# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૩૮ તા. ૭-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC) દ્વારા શાળા વિકાસ યોજનાની ડેટા એન્ટ્રી પુરી કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રી ને જણાવવાનું કે વર્ષ ૨૦૧૬-૧૭ માટે બજેટની કામગીરી જિલ્લા અને કોર્પોરશન દ્વારા હાલમાં કરવામાં આવી રહેલ છે જેમાં આર.ટી.ઇ.એક્ટ-૨૦૦૯ ની જોગવાઇઓના અમલીકરણ માટે થનાર કાર્યક્રમો/પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવનાર છે.

શાળા વિકાસ યોજના વર્ષ-૨૦૧૪-૧૫ માં તૈયાર કરવામાં આવેલ છે તે અન્વયે વર્ષ ૨૦૧૫-૧૬ , ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ એમ ત્રણ વર્ષ સુધીની ડેટા એન્ટ્રી પુરી કરવાની થાય છે. યુ.આર.સી કો.ઓર્ડિનેટર દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો દ્વારા ૨૦૧૬-૧૭ માં પણ શાળા વિકાસ યોજનાની ડેટા એન્ટ્રી પુરી કરવા આયોજન કરેલ છે.

શાળા વિકાસ યોજનાની ડેટા એન્ટ્રી પુરી કરવામાં આવે ત્યારે માળખાગત સુવિધાઓની જરૂરિયાત અંગે બ્લોકના ટી.આર.પી. ને જણાવવું. (દા.ત.વર્ગખંડ, કમ્પાઉન્ડ વોલ, સેનીટેશન, બાલા, ફર્નિચર, પીવાના પાણીની સુવિધા વગેરે) અને શિક્ષણની ગુણવત્તાલક્ષી સિધ્ધિ માટે શાળા કક્ષાએ મુખ્ય શિક્ષકોની ફોલોઅપ કરવાનું આયોજન કરવું.

શાળા વિકાસ યોજનાની ડેટા એન્ટ્રી પુરી કરી શાળા વિકાસ યોજનાની ફાઇલે રાખવું માત્ર જરૂરી ડેટા જ સીઆરસી કો.ઓર્ડિનેટર દ્વારા યુ.આર.સી કો.ઓર્ડિનેટરને તથા યુ.આર.સી કો.ઓર્ડિનેટરે જિલ્લા કક્ષાએ મોકલી આપવા સાથે સાથે સીઆરસી કો.ઓર્ડિ એ શાળા વિકાસ યોજનાની માહિતીની ચકાસણી કરી પોતાના ક્લસ્ટરની તમામ શાળામાં શાળા વિકાસ યોજનાની ડેટા એન્ટ્રી પુરી થયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર બ્લોક કક્ષાએ યુ.આર.સી કો.ઓર્ડિનેટર ને આપવું અને યુ.આર.સી કો.ઓર્ડિનેટર દ્વારા જિલ્લા કક્ષાએ પ્રમાણપત્ર આપવાનું રહેશે. નીચે મુજબના સમયપત્રક મુજબ શાળા વિકાસ યોજનાની ડેટા એન્ટ્રી પુરી કરવાની રહેશે.

| | |
|---|---|
| શાળા કક્ષાએથી ક્લસ્ટર કક્ષા | તા:૦૭.૦૧.૨૦૧૭ થી તા:૧૦.૦૧.૨૦૧૭ |
| ક્લસ્ટર કક્ષાએથી બ્લોક કક્ષા | તા:૧૧.૦૧.૨૦૧૭ થી તા:૧૪.૦૧.૨૦૧૭ |
| બ્લોક કક્ષાએથી જિલ્લા કક્ષા | તા:૧૫.૦૧.૨૦૧૭ થી તા:૧૯.૦૧.૨૦૧૭ |
| જિલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષા | તા:૨૦.૦૧.૨૦૧૭ થી તા:૨૪.૦૧.૨૦૧૭ |

તા.૭-૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી